# ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમો ચલાવતી સરકારી, અનુદાનિત તેમજ સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે ખાલી રહેલી બેઠકો પર સંસ્થા ખાતેના પ્રવેશ અંગેની જરૂરી સૂચના (પ્રવેશ વર્ષ-૨૦૧૭)

- શૈક્ષણિક વર્ષ-૨૦૧૭-૨૦૧૮ ની ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોની ઓનલાઈન પ્રવેશ કાર્યવાહી અત્રેની સમિતિ દ્વારા તા. ૦૮-૦૯-૨૦૧૭ ના રોજ પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવેલ છે. સદર પ્રક્રિયા બાદ સરકારી/અનુદાનીત/સ્વનિર્ભર ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી સંસ્થાઓ ખાતે 'ખાલી રહેલી બેઠકો' શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનાં જાહેરનામા અન્વયે ભરવાની થાય છે. જેનાં અનુસંધાને પ્રવેશ સમિતિ ખાતે ઓફલાઈન રૂબરૂ પ્રવેશ કાર્યક્રમ બાદ સરકારી/અનુદાનીત/સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે 'ખાલી રહેલી બેઠકો' ની માહિતી પ્રવેશ સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in ઉપર તા. ૨૩-૦૯-૨૦૧૭ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. **વેબસાઈટ ઉપર દર્શાવેલ બેઠકો ઉપરાંત પેરામેડીકલ એડમિશન પ્રક્રિયાના કારણે ખાલી થયેલ આનુશાંગીક સરકારી, અનુદાનીત તેમજ સ્વનિર્ભર સંસ્થાઓની બેઠકોની માહિતી જે તે સંસ્થાની વેબસાઈટ પર જોવાની સલાહ આપવામાં આવે છે.**
- આ ખાલી બેઠકોની પ્રવેશ કાર્યવાહીમાં પ્રથમ વર્ષ ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી પ્રવેશ વર્ષ-૨૦૧૭ ના મેરીટ સમાવિષ્ટ **તમામ ઉમેદવારો ભાગ લઈ શકશે.**
- અગાઉ રજીસ્ટ્રેશન કરાવેલ ન હોય અને જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારોને એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્ષિસ, એલ. ડી. એન્જિનીયરીંગ કોલેજ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ ખાતેથી રૂા. ૩૫૦/- રજીસ્ટ્રેશન ફી ભરી, રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ત્યાર બાદ વિદ્યાર્થીઓએ પોતાનું રજીસ્ટ્રેશન સ્લીપની નકલ સાથે જરૂરી પ્રમાણપત્રોની સ્વપ્રમાણીત નકલ જોડી જે તે સંસ્થા ખાતે પ્રવેશ મેળવવો હોય તે સંસ્થા ખાતે તા. ૦૩-૧૦-૨૦૧૭ થી તા. ૦૫-૧૦-૨૦૧૭ દરમ્યાન જમાં કરાવવાનું રહેશે. જ્યારે જે ઉમેદવારોએ પ્રવેશ વર્ષ-૨૦૧૭ ની પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત અગાઉ રજીસ્ટ્રેશન કરાવેલ હોય તેવા ઉમેદવારોએ રજીસ્ટ્રેશન ડિટેઈલની પ્રિન્ટ લઈને જમાં કરવાની રહેશે.
- સંસ્થા દ્વારા પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોને રજીસ્ટ્રેશન સ્લીપની નકલ / રજીસ્ટ્રેશન ડિટેઈલની પ્રિન્ટ સ્વિકાર્યાની રીસીપ્ટ આપવાની રહેશે.
- ખાલી રહેલ બેઠકો માટે રજીસ્ટ્રેશન સ્લીપની નકલ / રજીસ્ટ્રેશન ડિટેઈલની પ્રિન્ટ જમાં કરાવેલ ઉમેદવારનું જે તે સંસ્થા ખાતે તા. ૦૬-૧૦-૨૦૧૭ ના રોજ મેરીટ લીસ્ટ પ્રસિધ્ધ કરવાનું રહેશે તથા તા. ૦૩-૧૦-૨૦૧૭ ના રોજ જે તે સંસ્થાના નોટિસ બોર્ડ/વેબસાઈટ ઉપર ખાલી બેઠકોનો યાદી પ્રસિધ્ધ કરવાની રહેશે.
- જે તે સંસ્થા દ્વારા ઈન્ટર-સે મેરીટ લીસ્ટ તૈયાર કરી ઉમેદવારોને રૂબરૂ પ્રવેશ પ્રક્રિયા માટે તા. ૦૭-૧૦-૨૦૧૭ ના રોજ બોલાવી જે તે સંસ્થા દ્વારા પ્રવેશ અપાશે.
- પ્રવેશ મળ્યેથી તે જ સમયે ટ્યુશન ફી રોકડમાં પ્રવેશ મળેલ સંસ્થા ખાતે ભરવાની રહેશે.
- શૈક્ષણિક વર્ષ-૨૦૧૭-૨૦૧૮ ની ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોની ઓનલાઈન પ્રવેશ કાર્યવાહી અત્રેની સમિતિ દ્વારા તા. ૦૮-૦૯-૨૦૧૭ રોજ પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવેલ છે. ઉમેદવારે પોતાને અગાઉનો મળેલ પ્રવેશ રદ કરાવવો હોય તો જે સંસ્થામાં પ્રવેશ મળેલ હોય તે સંસ્થામાં લેખીતમાં અરજી કરવાની રહેશે. પ્રવેશ રદ થયા બાદ ઉમેદવારને ફી રીફંડ સરકારશ્રીના પ્રવેશ અંગેના જાહેરનામાના નિયમ-૧૮ "Cancellation of Admission and Refund of Fee" પ્રમાણે જુનો પ્રવેશ રદ થવાથી એ સંસ્થા ખાતે જો તેની સામે બેઠક ફાળવાશે તો ફી રીફંડ મળવા પાત્ર રહેશે.
- પ્રવેશ કાયમ કરાવવા માટે જરૂરી અસલ પ્રમાણપત્રો ચકાસણી અર્થે સાથે રાખવાના રહેશે, પરંતુ અસલ પ્રમાણપત્રો જમાં કરાવવાની જરૂરીયાત નથી, જેની નોંધ લેવી.

**તા. ૨૯-૦૯-૨૦૧૭** **– મેમ્બર સેક્રેટરી**